- વિદ્યાર્થી પ્રતિનિધિ ચૂંટણી નો અહેવાલ

વિદ્યાર્થીઓમાં લોકશાહી અને રાષ્ટ્રભાવના પ્રેરિત થાય તે માટે દર વર્ષની જેમ આ વર્ષ પણ શાળામાં સત્રની શરૂઆત વિદ્યાર્થી પ્રતિનિધિ ચૂંટણી દ્વારા કરવામાં આવી, જેમાં શાળાના દરેક વર્ગના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી પ્રતિનિધિ તેમજ GS અને બેહેનો એ LR માટે મતદાન કર્યું. દરેક વર્ગમાં ચૂંટાયેલ વિદ્યાર્થી પ્રતિનિધિ માંથી મોનિટર, ઉપ મોનિટર પ્રતિનિધિ-૧ ,અને પ્રતિનિધિ-2, એમ ચાર વિદ્યાર્થીઓ સમગ્ર વર્ગને સફાઈ ઉપરાંત વર્ગની બધી જ બાબતો ધ્યાન રાખશે તે હેતુસર તેમની નિમણૂક કરવામાં આવી સમગ્ર શાળા માંથી દરેક વર્ગના મોનિટર ઉપ મોનિટર અને પ્રતિનિધિ ની એક સમગ્ર મીટીંગ નું આયોજન શાળા શાળાના ઓડીટોરીયમ હોલ ખાતે યોજાઇ જેમાં નિયામકશ્રી બી.આર.પટેલ સર, બી એચ પટેલ સર ,તથા શાળાના આચાર્ય શ્રી એચ વાય પટેલ સર તથા માધ્યમિકના પ્રવૃત્તિ કન્વીનર શ્રી દિપકભાઈ પ્રજાપતિ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી પ્રવૃત્તિ કન્વીનર શ્રી પ્રવિણ પ્રજાપતિ દ્વારા સમગ્ર મિટિંગનું સંચાલન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થી પ્રતિનિધિ એ વર્ગમાં કઈ બાબતોનું ધ્યાન રાખવું વર્ગ ની સફાઈ વર્ગમાં લાઈટ પંખા દરેક તાસમાં શિક્ષકો નિયમિત આવે છે કે નહીં વિદ્યાર્થી લોગબુક ઉપરાંત દરેક પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ ભાગ લે તેની યાદી અને વર્ગના અન્ય તમામ કામ ની દેખરેખ વર્ગ મોનીટર અને તેના પ્રતિનિધિમંડળે રાખવી ઉપરાંત વિદ્યાર્થીઓમાં વર્ગ સંચાલન અને નેતૃત્વના ગુણ નો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે

